॥ સ્વામિશ્રીજી ॥





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યપર્વે આશીર્દાન
૧૬ ઑક્ટોબર ૨૦૨૪, શરદપૂનમ, બ્રહ્મજ્યોતિ, ડેન્હમ-યુ.કે.

**પ્રભુ**ને રાજી કરવા માટે પ્રભુના થઈને જીવન જીવી પ્રભુપ્રાપ્તિનો આનંદ પામવાના માર્ગે ચાલનારા સૌ સંતો, શ્રેયાર્થી સાધકો માટે આજનો દિવસ એ મહામંગલકારી પર્વ છે ! શ્રી રામ ભગવાન પધાર્યા, શ્રી કૃષ્ણ ભગવાન પધાર્યા, શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ પધાર્યા; એ જ પરંપરામાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પધાર્યા. સર્વ ભગવાનના અવતારો મને-તમને-સૌને સુખની પ્રાપ્તિ કરાવી, પરમ આનંદ પ્રાપ્ત કરાવવા આવ્યા હતા; પણ આપણે પ્રભુનાં સ્વરૂપોને ઓળખ્યાં નહીં, જેવો છે તેવો તેઓનો મહિમા સમજ્યા નહીં. મહિમા સમજાય નહીં તો એમની આજ્ઞા પાળી શકાય નહીં. અને આજ્ઞા પાળી પણ નિર્દોષભાવે યુક્ત સેવા ના કરી; એ કસરને લીધે પ્રભુની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત ના કરી શક્યા.

એ કસર ટાળવા માટે શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે પ્રગટ થયા અને મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને આવ્યા. શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જીવનચરિત્રોમાં તમે જુઓ તો ઘણા બધા સંતો-ભક્તોનાં સમર્પણ છે ! સંતોએ એટલા બધા ભીડા વેઠ્યા છે કે, આપણે આશ્ચર્ય પામી જઈએ ! લોકો સંતોને મારતા, અન્ય પંથના સંન્યાસીઓ પણ મારતા. સ્વામિનારાયણનો સત્સંગ સ્વીકારે તો ભક્તોને નાતબહાર મૂકતા. આટલી બધી મુસીબતોમાં પણ તેમણે ભગવાનનો આશરો છોડ્યો નહીં; છતાં, જે પ્રાપ્તિ થવી જોઈએ તે પ્રાપ્તિ કરી શક્યા નહીં. તો શું ભગવાનમાં ખોટ હતી ? ભક્તોનાં સમર્પણમાં ખોટ હતી ? બંનેમાં કોઈ ખોટ નહોતી, પણ એક વસ્તુની ગૅપ હતી-ગુણાતીત સંતને ઓળખવાની.

મછિયાવનાં ફોઈબાનું દૃષ્ટાંત આપણને ખબર છે. તેઓ સ્વામિનારાયણ ભગવાનને ભગવાનનું સ્વરૂપ માનતાં. સ્વામિનારાયણ ભગવાન એમને 'ફોઈ' કહેતા એટલે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં બધાં એમને 'ફોઈબા'ના હુલામણા નામથી બોલાવતાં. મછિયાવ ગામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન જાય તો તેઓ આખા ગામને જમાડે. આખું ગામ હિલોળા લે. ઠેઠ ગામની ભાગોળેથી સામૈયું કરીને મહારાજને ઘર સુધી લઈ જાય. ઘર શણગારે, રંગરોગાન કરે. એમની એટલી બધી ભક્તિ અને ભગવાન પ્રતિ એટલો બધો સમર્પણ ભાવ કે, સૌ આશ્ચર્યમાં પડી જાય ! પણ સ્ત્રીનો મૂળભૂત સ્વભાવ-પ્રકૃતિ ઈર્ષ્યા, એ ટળી નહોતી. એમનો દીકરો પરણ્યો ને એમના ઘરે વહુ આવી. એ પણ એટલી જ ભક્તિવાળી. પહેલાં ફોઈબાની ભક્તિનાં બધાં બહુ વખાણ કરતાં. અને હવે આ વહુ આવી તો એનાં પણ બધાં વખાણ કરવા માંડ્યાં, એટલે ફોઈબાને એના માટે ઈર્ષ્યા થઈ. ફોઈબાનાં વખાણ નહોતાં કરતાં એવું નહોતું, વખાણ કરતાં જ હતાં, પણ જોડે જોડે પેલી વહુનાં વખાણ પણ કરવા માંડ્યાં એટલે ફોઈને એની ઈર્ષ્યા થઈ.

શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે છેલ્લે મછિયાવ ગામમાં ગયા ત્યારે ફોઈએ ધામધૂમ કરી, સ્વાગત ને સામૈયું કર્યું. બધા સંતો પંગતમાં જમવા બેસી ગયા. મહારાજ ઊભા હતા, તેમણે નજર કરી, તેમની નજરમાં તો બધું હોય જ. મહારાજે ફોઈબાને બોલાવ્યાં ને પૂછ્યું, 'તમારાં વહુ કેમ નથી દેખાતાં ?' એટલે ફોઈબા ચિડાયાં, મહારાજને કહે, 'એનું નામ ના લેશો.' મહારાજ કહે, 'તમે આટલી બધી ધામધૂમ કરી સામૈયું કર્યું ને ઘરમાં વહુ ના હોય તો કેવું લાગે ?' ફોઈબા કહે, 'મહારાજ ! તમે આવવાના હતા એટલે ગઈ કાલે એને એના પિયર કાઢી મૂકી.'

પહેલાંના વખતમાં બે-પાંચ માઈલ નજીકનાં ગામોમાં લગન થતાં. એટલે મહારાજ કહે, 'કોઈ ઘોડેસવારને મોકલો તો લઈ આવે.' ફોઈબા કહે, 'મહારાજ એ વાત નહીં બને. એને બોલાવવી જ નથી.' મહારાજ કહે, 'જુઓ ફોઈબા ! તમારા ઘરનું કોઈ પાત્ર ના હોય અને અમે જમીએ તો

અમને રુચે નહીં, એટલે તમે વહુને બોલાવો, નહીં તો અમે જમીશું નહીં.' ફોઈબા કહે, 'તમે ભગવાન છો, પુરુષોત્તમ નારાયણ છો, મારા પ્રગટ પ્રભુ છો, પણ તમારી આ વાત તો કોઈ સંજોગોમાં માનવાની નથી, મહારાજ !' એમણે મહારાજનું ના માન્યું. કોઈ દિવસ જમવા બેઠેલા સંતોને મહારાજ ઊભા ન કરે, પણ ત્યારે મહારાજ કહે, 'સંતો ઊભા થાવ; ચાલો, આ ઘરમાં આપણાથી અનાજ ના લેવાય.' બધા સંતો-ભક્તો ને મહારાજ જમ્યા નહીં ને નીકળી ગયા !

એ મછિયાવનાં ફોઈબાને ગુણાતીતનો સંબંધ હોત તો ગુણાતીત કહેત કે, 'ફોઈબા ! આખું ગામ નહીં જમાડો ને વહુને એકલીને બોલાવશો તો મહારાજ રાજી થશે.' મહારાજની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની રીત ગુણાતીત તેમને શિખવાડત કે, તમે જો આ વસ્તુનો સ્વીકાર કરી લો ફોઈબા, તો તમારા હૈયામાં રહેલી ઈર્ષ્યા ચાલી જશે અને અનંત જન્મોથી તમે જે સુખ શોધો છો એ હાથવગું થઈ જશે. પણ ફોઈબાને ગુણાતીતનો યોગ નહોતો, ગુણાતીત સાથે સંબંધ નહોતો, તો ઈર્ષ્યા ટળી નહીં, યાદ રાખો ! સ્વયં મહારાજનું વચન ના માન્યું, પણ ત્યારે ગુણાતીતનો સંબંધ હોત તો મહારાજનો અપરંપાર મહિમા કહેત. આપણે આ મંદિરો, આ પૂજા ને આ બધું ભગવાનને રાજી કરવા માટે કરીએ છીએ, તો ભગવાન જેમાં રાજી થાય છે એ પકડીને જીવો, એ પકડીને કામ કરો તો થોડાં વર્ષોમાં તો ગુણાતીતભાવને પામી જવાય. પણ સંતના યોગ વગર એ નથી પકડાતું, નથી મનાતું. મછિયાવનાં ફોઈબાની આ કસર ઈર્ષ્યાને લીધે ના ગઈ.

એવા અલૈયા ખાચર હતા. અલૈયા ખાચરે ૨૦૦૦ માણસોને સત્સંગ કરાવ્યો હતો. મહારાજ સાથે એટલું બધું વિચરણ કરેલું કે, મહારાજ પૂજા પછી બધાને સાકરનો થોડો પ્રસાદ આપતા-એ રોજ થોડો થોડો કરીને બે કોથળા જેટલો સાકરનો પ્રસાદ ખાઈ ગયેલા-એટલું મહારાજ સાથે ફરેલા. ૨૦૦૦ માણસોને સત્સંગ એમ ને એમ થતો હશે ? કેટલો દાખડો કર્યો હશે એ માણસે ? કેટલાં ગુણગાન ને મહિમા ગાયાં હશે ? એ લોકોનો કેટલો ભીડો વેઠ્યો હશે ? ત્યારે એમના થકી મહારાજના ૨૦૦૦ આશ્રિત ભક્તો થયા. અને કેટલું બધું મહારાજ જોડે વિચરણ કર્યું હશે તે બે કોથળા ભરીને પ્રસાદ ખાઈ ગયા. મહારાજનું સાંનિધ્ય કેટલું બધું પ્રાપ્ત કર્યું હશે તો મહારાજ પ્રસન્ન થયા ! મહારાજ રાજી થાય એટલે શું આપણને વાડી, વજીફો, બંગલા, ગાડી આપે અને આપણને ઊંચા આસન ઉપર બેસાડે ? પણ ના, મહારાજ એમની પ્રસન્નતા આપણને હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી પર કરી, આપણને કામ-ક્રોધાદિક દોષ રહિત કરવામાં વાપરે. બાકી બધું છોગામાં મળે છે.

એક પ્રસંગે મહારાજ સાથે અલૈયા ખાચર ને બધા નદીમાં નાહવા ગયા. મહારાજને એમનું માન કાઢવું હતું, માનનું દર્શન કરાવી માનરહિત કરવા હતા. કમર સુધી પાણીમાં નાહવા ગયા પછી મહારાજે એમનું ધોતિયું ખેંચી લીધું, ને મહારાજ પાણીની બહાર કિનારે જતા રહ્યા. પછી મહારાજ કહે, 'ચાલો, બધા બહાર આવો.' હવે પેલા તો દરબાર, એટલે અલૈયો બહાર ના આવે. મહારાજ કહે, 'પાણીની બહાર આવો.' અલૈયો કહે, 'મારું ધોતિયું આપો પછી બહાર આવું.' સ્વામિનારાયણ ભગવાન કહે, 'ના, તમે બહાર આવો તો તમારું ધોતિયું આપું.' અલૈયો કહે, 'ના મહારાજ, નહીં આવું.' એમ બંને વચ્ચે થોડું ચાલ્યું. એટલે અલૈયો પાછો ફરી સામે કિનારે થઈ જતા રહ્યા. સત્સંગમાંથી ગયા એ ગયા, પછી પાછા આવ્યા જ નહીં. તમે વિચાર કરો ! એ સામે કિનારે ગયા તો સામે કિનારે ધોતિયા વગર જ નીકળ્યા હશેને ! ત્યાં એમને કોણે ધોતિયું આપ્યું હશે ? મહારાજ કહે, અમારા વચને એ ખાલી આ બાજુ આવ્યા હોત ને તોય એને ધોતિયું આપી દેત. એને એમ આબરૂ વગરનો ના રાખત. અલૈયા ખાચરને માન હતું, ફઈબાને ઈર્ષ્યા હતી તો મહારાજનું વચન ના મનાયું. જો તે વખતે ગુણાતીતનો યોગ હોત તો એને કહેત કે, મહારાજ તારી લાજ લેવા નથી આવ્યા, અલૈયા તારી લાજ અનંતગણી વધી જશે.

તમે બે-ત્રણ જણ આગળ ખુલ્લા થાવ જ છો. એક ડૉક્ટર પાસે. તમારા શરીરમાં જે રોગ થયો છે એ રોગ કાઢવા માટે તમે ડૉક્ટર પાસે ગયા છો તો ડૉક્ટર પાસે દલીલ નથી કરતા. જે ઉતારાવે એ ઉતારીને એને બતાવો છો. તમારા શરીરમાં રહેલા રોગને મટાડવો છે એટલે ચૅકઅપ કરવા બધું તમારી પાસે ઉતારાવે છે. ડૉક્ટરને તમારા શરીર સાથે કોઈ લેવાદેવા નથી, રોગ

**ભગવાન જેમાં રાજી થાય છે એ પકડીને જીવો,**
**એ પકડીને કામ કરો તો**
**થોડાં વર્ષોમાં તો**
**ગુણાતીતભાવને પામી જવાય.**





**ભગવાનમાં સ્થિર રહીને,**
**ભગવાનનું કર્તાહર્તાપણું માનીને,**
**સર્વને નિર્દોષ માનો ને સર્વને મોટા માની,**
**સૌમાં પ્રભુ કરી રહ્યા છે**
**એવું માનીને જીવન જીવે એ દાસત્વભાવ !**

સાથે લેવાદેવા છે. તમે ડૉક્ટર પાસે તમારો દેહ બતાવવા નથી ગયા, પણ ગમેતેમ કરીને તમારો રોગ ટાળવા ગયા છો. એમ, મહારાજ પાસે, સત્પુરુષ પાસે, સંતો પાસે તમે અનંત જન્મોથી જેને લઈને સુખીદુઃખી થાવ છો એનો ઉપચાર કરવા માટે ગયા છો.

કોઈનાથી ખરાબ કામ થઈ ગયું હોય, ખૂન થઈ ગયું હોય અને વકીલ પાસે જાય તો વકીલ કહે, 'જો ખૂન કર્યું હોય તો સાચેસાચું જે હોય તે મને કહી દેજો તો મને ખબર પડે કે તમારો બચાવ કેવી રીતે કરવો.' ઈન્કમટૅક્સવાળા પાસે જાવ તો તમે ક્યાં ક્યાં ભૂલ કરી છે એ કબૂલ કરી લો તો તમને કેવી રીતે પ્રૉટેક્ટ કરવા તે તેમને ખબર પડે. એમ, ગુણાતીત પુરુષ આપણને સમજાવે કે, 'પ્રભુ તમારી આબરૂ લેવા નથી આવ્યા, આબરૂ વધારવા આવ્યા છે.' એટલે પરમહંસોએ ગાયું : 'પોતાના જનની વા'લે લાજ વધારી રાજ, અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવની પર...'

પુરુષોત્તમ નારાયણ ભગવાન પોતાના મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને આવ્યા છે. પોતાના ભક્તોની લાજ વધારવા આવ્યા છે, લાજ લેવા નથી આવ્યા. ગુણાતીત સાથે હેત હોત તો એ હેતે કરીને અલૈયાને પકડીને મહારાજ પાસે લઈ જાત, તો મહારાજ એમને ધોતિયા વગર બહાર નીકળવા ના દેત, તરત ધોતિયું આપી દેત. ગુણાતીત સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ નહોતી તો મછિયાવનાં ફોઈબાના લીધે આજની તારીખે મછિયાવ ગામમાં કોઈ સાધુ કે કોઈ ભગત જતા નથી.

અલૈયા ખાચરનું સમર્પણ સામાન્ય નહોતું, પણ માનને કારણે મહારાજની આજ્ઞા ના પાળી શક્યા. મછિયાવનાં ફોઈબાની નિષ્ઠા જબરજસ્ત હતી, પણ પોતાની ઈર્ષ્યાને કારણે મહારાજનું વચન ના માની શક્યાં. એટલે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની જે શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી તેથી આપણા માટે આવું બધું રમતાંરમતાં છૂટી જાય એવું થઈ ગયું ! આજે કોઈ બહેન ફઈબા જેવી જીદ ના કરે, તરત વહુને બોલાવે. કોઈ પુરુષ ના માને એવું બને નહીં, તરત કટ વળી જાય. સંતોના યોગથી આવું થવા માંડ્યું. એટલે જોવા જઈએ તો આપણો અક્ષરધામનો સમાજ તૈયાર થઈ રહ્યો છે.

ઘણા માણસો એવા આવે કે કોઈ લેવા-દેવા વગર તમારું મગજ ખાઈ જાય. આપણે તો ભગવાનનું કામ લઈને બેઠા છીએ, તેથી જેને મોકલે છે એને ભગવાન મોકલે છે. ભગવાન જુએ છે કે, તમે મારામાં સ્થિર છો કે નહીં ? મારામાં સ્થિર હોવ તો ભલેને એ બોલે ! આપણા મુકામમાં રહીને જે જવાબ આપવો પડે એ આપવાનો, બાકી એ જાણે ને એનો ભગવાન જાણે ! આપણે પ્રભુની પરીક્ષામાંથી પાસ થવું છે. આપણે હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી પર થઈ જઈશું.

યુનિવર્સિટીમાં દીક્ષાંત સમારોહ થાય છે, તેમાં ડૉક્ટરેટની, ઍન્જિનિયરની, એમ.બી.એ.ની, ફાર્મસીની એવી બધી ડિગ્રીઓ આપે છે. તો એ ડિગ્રી કંઈ પ્રૉફેસર આપે છે ? યુનિવર્સિટી આપે છે. દીક્ષાંત સમારંભમાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ને ચાન્સેલર કાળો કોટ પહેરીને આવતા હોય છે અને તમને હાથમાં ડિગ્રી આપતા હોય છે. જેઓ તમને ડિગ્રી આપે છે એ તમારી પરીક્ષા લેવા આવે છે ? ના, તેઓ તો જ્યારે તમે ડિગ્રી લેવા જાવ ત્યારે જ તમને મળે, બાકી તો ચાન્સેલર કે વાઈસ ચાન્સેલર વિદ્યાર્થીઓને મળે પણ નહીં. પરીક્ષા લેનાર જુદા હોય, એમ, આપણને ગુણાતીતભાવની ડિગ્રી આપનાર મહારાજ છે, પણ પરીક્ષા લેવા માટે આપણામાંથી નાના કે મોટા કોઈને પણ મોકલે છે. કર્તા-હર્તા મહારાજ છે. આપણા માટે, આપણી પરીક્ષા લેવા માટે કે, આપણે સ્થિર છીએ કે નહીં તે જોવા માટે ભગવાન એમને મોકલે છે, એમનામાં રહીને ભગવાન બોલે છે.


શ્રી કૃષ્ણ પરમાત્માએ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં એક અદ્ભુત શબ્દ આપ્યો 'સ્થિતપ્રજ્ઞ'. સ્થિતપ્રજ્ઞનું તમે વિશ્લેષણ સાંભળો તો એનું કલાકોના કલાકો ભાષણ ચાલે. પણ ગુણાતીતાનંદ સ્વામીએ એક જ વાક્યમાં કહ્યું કે, 'સ્થિતપ્રજ્ઞ અવસ્થા એટલે ભગવાનમાં જે સ્થિર રહે તે સ્થિતપ્રજ્ઞ.' જે ભગવાનમાં સ્થિર રહે એને કોઈ અસ્થિર કરી શકે નહીં, એટલે કે ડિસ્ટર્બ ના કરી શકે, અશાંત ના કરી શકે. ઘણા તો વાતવાતમાં ડિસ્ટર્બ થઈ જાય, વાતવાતમાં ઢીલા પડી જાય. પ્રભુમાં સ્થિર રહો, જે કંઈ થયું છે, થઈ રહ્યું છે, થવાનું છે એ મારા પ્રભુ કરી રહ્યા છે. અને શું થવાનું છે ? સારામાં સારું થવાનું છે, ખ્યાલ આવ્યો ? આપણું ધાર્યું નથી કરવું,

ભગવાનનું ધાર્યું કરવું છે. આપણે અસ્થિર શાથી થઈએ છીએ ? કારણ, આપણે એવું માનીએ છીએ કે, આપણે ભગવાનને ભજીએ, મોટા પુરુષને માનીએ એટલે આપણી વાહ-વાહ થવી જોઈએ, આપણું બધું કામ થઈ જવું જોઈએ, આપણા બધા સંકલ્પ પૂરા થવા જોઈએ. પણ ત્યારે ભગવાનમાં સ્થિર રહીએ. કોઈ એવું કહે કે, 'તમારું બધું અધૂરું કામ છે, તમે ઠેકાણા વગરના છો.' આ વખતે જો તમે ગુસ્સે થયા તો આઉટ. 'તમારા કહેવાથી હું મોટો નથી થઈ જવાનો કે તમારા કહેવાથી હું નાનો નથી થઈ જવાનો. મારા પ્રભુના સંબંધે હું મોટો છું. મને પાડી શકવાની કોઈની તાકાત નથી.' શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે, 'ભય રહિત રહો, એટલે મારામાં સ્થિર રહો.' ભગવાનને આ કહેવું છે.

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ મંદિર કરવા માટે મોકલ્યા હતા, પણ પાણી માફક ના આવ્યું, પેટ મોટું થઈ ગયું એટલે પાછા આવ્યા. કોઈ ત્યાં જવા તૈયાર ના થાય. મહારાજે કહ્યું, 'ગુણાતીત-નિર્ગુણાનંદ સ્વામીને મોકલો.' એટલે ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ ગયા. પૈસા નહોતા આપ્યા, ને કહ્યું 'ત્યાં જઈને મંદિર કરો.' અને તમે જુઓ કેવી પરિસ્થિતિ હતી ! પણ એમણે તો મહારાજની આજ્ઞા છે ને ! એમના શિષ્ય તરીકે મારી કામના એક જ કે એમણે કહ્યું એટલે ત્યાં જઈને બેસવાનું ! ત્યાં તો પથરા હતા. હથોડી નહોતી આપી કે હથોડીના પૈસાય નહોતા આપ્યા. પાંચ સાધુઓ ગયા હતા. એવું કહેવાય છે કે ગુણાતીતે પથ્થરથી પથ્થર તોડ્યા. પછી ગુણાતીતની સાધુતા જોઈને બધાએ મદદ કરી અને જોતજોતામાં મંદિર ઊભું થઈ ગયું. એ મંદિરની આજુબાજુ-સોરઠ પ્રદેશમાં તેઓએ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું પ્રવર્તાવ્યું. આખા સત્સંગસમાજમાં સૌને ગુણાતીતે જ મહારાજને સર્વોપરીભાવે ભજતાં કર્યાં. પછી એક દિવસ આચાર્ય મહારાજે ચિઠ્ઠી લખી કે, 'આ કાગળ મળતાં મંદિરનો વહીવટ સોંપી તમે ગામડાં ફરવા નીકળી જજો.' ગુણાતીત એક જ મિનિટમાં પાંચ સાધુઓ સાથે ઝોળી લઈને નીકળી ગયા. અને ગોંડલ જઈને દેહ છોડ્યો. ચાલીસ વર્ષ સુધી જે મંદિરમાં મહંતાઈ કરી ને જે પ્રદેશમાં ભગવાન જેવા ભાવથી પુજાયા એ જગ્યા છોડવાની થઈ તો એમને પાંચ મિનિટ પણ ના લાગી ! અર્થાત્ તમને એ ગળાડૂબ કામમાં લાગે, પણ એ પ્રવૃત્તિ પરાભક્તિરૂપ હતી. ભગવાનને રાજી કરવા માટે એ પ્રવૃત્તિમાં પૂરેપૂરા ભળ્યા હતા, પણ એની પાછળનું એમનું અનુસંધાન મહારાજની પ્રસન્નતા હતી કે, મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજી થાય છે એટલે તમારામાં રસ લઉં છું, આ પ્રવૃત્તિ કરું છું. ફુલફ્લૅજ્ડ પ્રવૃત્તિ કરવાની. અને પછી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થઈ એટલે ભગવાને રાજીપા રૂપે કહ્યું કે, 'હવે છોડી દો.' તો છોડી દીધું. આ બતાવ્યું કે, ગુણાતીત નિર્લેપ પુરુષ હતા ! તેઓ નથી મંદિર સાથે બંધાયેલા, કે નથી ચેલા સાથે બંધાયેલા, નથી જગ્યા સાથે બંધાયેલા, નથી ચીજ-વસ્તુ-પદાર્થ સાથે બંધાયેલા. એક સ્થિર છે ભગવાનમાં - સ્થિતપ્રજ્ઞ ! એ આદર્શ ગુણાતીતે બતાવ્યો. અને છતાં દાસત્વભાવ ! હું મહારાજનો સેવક છું. મહારાજ જેમાં રાજી થાય એ જ કરવું એ મારા પ્રભુ તરફની મારી દાસત્વભક્તિ છે. દાસત્વભક્તિ એટલે શું ? ઘણા બધા દંડવત્ કરતા હોય, પગે લાગતા હોય, હા,જી-હા,જી કરતા હોય - એ દાસત્વભાવ છે, પણ ભગવાનમાં સ્થિર રહીને, ભગવાનનું કર્તાહર્તાપણું માનીને, સર્વને નિર્દોષ માનો ને સર્વને મોટા માની, સૌમાં પ્રભુ કરી રહ્યા છે એવું માનીને જીવન જીવે એ દાસત્વભાવ ! ગુણાતીતનો દાસત્વભાવ એવો હતો !

ગુણાતીતે ભગતજીને કહ્યું, 'ભગતજી, માંગો માંગો, આજ માંગો તે દઈએ.' એટલે ભગતજી ગુણાતીતાનંદ સ્વામી સામે જોઈ રહ્યા, ભગતજી મહારાજે કંઈ માગ્યું નહીં. ગુણાતીતાનંદ સ્વામી કહે, 'તને એમ હશે કે, આ સાધુ દાન-દક્ષિણાઓ માગી માગીને, અનાજ-પૈસાની ભિક્ષા માંગીને મંદિરનો વહીવટ ચલાવે છે, પોતે ફાટેલાં કપડાં પહેરે છે. એ મને શું આપશે ? પણ પ્રાગજી, યાદ રાખ, આ સાધુ કહે એમ ભગવાન કરે છે, આ સાધુને ભગવાન વશ છે !' ત્યારે ભગતજી મહારાજે સ્વામીજીને કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામી, તમે ક્યાંના વાસી છો ? ક્યાંના રહેવાસી છો ? શું છો ? તમારું દર્શન કરાવો. તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવો. ગુણાતીતભાવને પમાડો.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'પ્રાગજી ભગત, ગુણાતીતભાવને પામવું છે ? તો મરણિયો થઈશ તો પામીશ. બધું

**ગુણાતીતભાવને**
**આ ને આ દેહે પામવા માટે**
**એવા પ્રગટ ને પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષની**
**આપણને આવશ્યકતા છે છે ને છે જ !**





> જે ગુરુને વળગ્યા છીએ,
> એ ગુરુની પાછળ જેટલું કરશો તો
> પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં સુખિયા સુખિયા કરી દેશે !
> એવા અદ્ભુત સમાજમાં આપણને
> સાધના કરવાનો સંજોગ ઊભો થયો છે,

સંકેલીને અહીં આવી જા.' અને ભગતજી બધું સંકેલીને ગુણાતીત પાસે આવી ગયા.

મરણિયો એટલે શું ? ભગતજી મહારાજ બધા માણસોને નિર્દોષબુદ્ધિથી જોતા. મંદિર બાંધકામ માટે શ્રમયજ્ઞ ચાલે. એક બાજુ ચૂનાની ભઠ્ઠી હોય તેમાંથી ચૂનાની ગૂણો લઈ જવાની. દસ-પંદર ભગતો સાથે ભગતજી મહારાજ પણ એકએક ગૂણ લઈ જઈને નાખી આવવાની સેવામાં લાગ્યા. ભગતજી મહારાજ મંદિરમાં ગુણાતીતના બહુ પ્રિયપાત્ર ગણાય. ભગતજી ગુણાતીતને વહાલા છે, એટલે સ્ટૉરકીપરને એની ઈર્ષ્યા થાય. એટલે ભગતજીનો વારો આવે ત્યારે ભગતજીને બે ગૂણ ચઢાવે. અને ભગતજી દોડતા દોડતા જઈ નાખી આવે. કોઈ કહે, 'પ્રાગજી, આ અમને એક-એક ગૂણ ચઢાવે છે ને તારા પર બે-બે ગૂણ ચઢાવે છે તો એને તું કંઈ કહેતો કેમ નથી ?' ભગતજી મહારાજ પણ જાણતા હતા કે, આ બધા પર એક અને મારા પર બે ગૂણ ચઢાવે છે, પણ ભગતજી 'મરણિયો' એટલે પોતાના મનને મારે એ મરણિયો ! ભગતજીએ કહ્યું, 'જુઓ, તમે એક ગૂણ લઈને એક ધક્કો ખાવ છો અને મને એક ધક્કામાં બે ધક્કાની સેવા મળે છે ! એટલે એનો આભાર માનવો જોઈએ કે, મારી ઉપર ગુણાતીત કેટલા બધા રાજી થશે ! વિચાર કરો !' - આ મરણિયો ! હકારાત્મકભાવ રાખીને જીવે એ મરણિયો ! પોતાનું મનધાર્યું, પોતાની ઇચ્છા પ્રમાણે, પોતાના બાંધેલા કાર્યક્રમો પ્રમાણે કામ ના થાય એટલે બધા ઢીલા થઈ જાય. પણ ના ! મહારાજનો છેવટનો એક જ કાર્યક્રમ છે-મને-તમને-સૌને ગુણાતીત બનાવવા છે. એ કાર્યક્રમ સફળ થાય એમાં જેટલો સાથ આપીએ એટલા મરણિયા થયા કહેવાય ! ભગતજી મહારાજ એવા મરણિયા થયા !

ગુણાતીતાનંદ સ્વામીએ કોઈને કહ્યું, 'ગિરનારને બોલાવી લાવો.' હવે આ વાત બુદ્ધિમાં ઊતરે નહીં. 'સ્વામી તમે ભૂલા પડ્યા લાગો છો. ગિરનાર કોઈ માણસ નથી, પર્વત છે.' એટલે સ્વામીએ ભગતજીને કહ્યું તો તરત ઊભા થઈને બોલાવવા ગયા. 'વચનામૃત' છેલ્લા-૨૬' પ્રમાણે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની ભૂમિકાને દબાવીને વર્તે તે સંત કહેવાય; એ મરણિયો ! પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, દેહના ભાવ સામે જોયું નહીં, સળગાવી જ દીધા છે. આ પુરુષ કહે એ જ મારું જીવન - એવું ભગતજી જીવ્યા તો ભગતજી મહારાજ ગુણાતીતભાવને પામ્યા. જાગા સ્વામી ગુણાતીતભાવને પામ્યા.

ધન્ય છે શાસ્ત્રીજી મહારાજને કે, એમણે ભગતજી મહારાજ અને જાગા સ્વામી એ બેને ગુરુ બનાવ્યા અને આપણને તેમના મહિમા ઓળખાવ્યા ! શાસ્ત્રીજી મહારાજ ગજબના કહેવાય, આશ્ચર્યકારક લાગે ! ભગવાંધારી સાધુઓને ગુરુ માનવા તકલીફ પડે છે, જ્યારે આ તો ભગવાં કપડાં વગરના અને ભગતજી મહારાજનાં તો ઠેરઠેર અપમાન જ થયાં છે; એવાને ગુરુ માનીને શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની, ગુણાતીતને ઓળખાવવાની અહાલેક જગાડી, તમે વિચાર કરો ! આ માટે શાસ્ત્રીજી મહારાજ મરણિયા થયા. કહ્યું, 'ભગતજીનો સાથ છોડી દો.' ના છોડ્યો તો જુઓ, મોટામાં મોટી સજા-સાધુનાં ભગવાં કપડાં ઉતારી દીધાં અને સફેદ કપડાં પહેરાવ્યાં. શાસ્ત્રીજી મહારાજ કહે, કપડાંની ઐસી-તૈસી. ભરસભામાં કોઈએ પૂછ્યું કે, 'તમારા ગુરુ કોણ ?' ત્યારે છાતી ઠોકીને શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'પ્રાગજી ભક્ત મારા ગુરુ છે.' વિચાર કરો તમે ! ધન્ય છે એમની નિષ્ઠાને, એમની શૂરવીરતાને ! તેઓ ભગતજી મહારાજની આજ્ઞામાં જીવ્યા. ભગતજી કહે, 'ભગવાં ઉતારી દો' તો ઉતારી દીધાં. 'ફરી પાછા જતા રહો' તો કોઈ પણ પ્રકારની દલીલ કર્યા વગર સંસ્થામાં પાછા જતા રહ્યા. શાસ્ત્રીજી મહારાજ શૂરવીર પુરુષ, પણ દાસભાવે વર્ત્યા.

યોગીજી મહારાજ તો દાસત્વનું મૂર્તિમાન સ્વરૂપ, ગુણાતીતભાવનું મૂર્તિમાન સ્વરૂપ હતા. પાંડુરંગદાદા આઠવલેએ કહ્યું, 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના 'ભક્તિયોગ'માં ગુણાતીતભાવની બ્રહ્મસ્વરૂપ અવસ્થાનું વર્ણન છે, એ ભક્તિયોગનું મૂર્તિમાન જીવંત સ્વરૂપ આ યોગીજી મહારાજ છે ! ગુણાતીતભાવનું જીવંત દર્શન છે ! એમનું દર્શન કરશો તો ગુણાતીત-ભાવ શું છે એનું દર્શન થશે.' યોગીજી મહારાજ એવું જીવન જીવ્યા તો એમણે પોતાની સાધુતા દ્વારા પ્રગટતી પ્રભુતાના પ્રભાવથી, પોતાની હાજરીથી, પોતાનાં હેત-પ્રેમથી યુવાનોને બદલ્યા અને આખા વિશ્વમાં અત્યારે અક્ષરપુરુષોત્તમનો ઝંડો ફરકાવ્યો.

એવા શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજને આપણે લાખ લાખ વંદન કરીએ ! તેઓએ આપણને ગુરુ ગુણાતીતની સાચી ઓળખાણ આપી. મછિયાવનાં ફોઈબા, અલૈયા ખાચર કે વિધવિધ પ્રકારના અક્ષરમુક્તોનાં તમે દૃષ્ટાંત જુઓ. એમનાં સમર્પણ, એમની ભક્તિ, એમની નિષ્ઠા જુઓ ! આપણી કલ્પનામાં ના આવે એવા ભક્તો હતા, પણ, ગુણાતીત એવા સત્પુરુષનો સંબંધ નહોતો એટલે ફરી આવવું પડ્યું. એમણે કરેલી સેવા, નિષ્ઠા, ભક્તિ કંઈ એળે જાય નહીં, પણ ગુણાતીતભાવને આ ને આ દેહે પામવા માટે એવા પ્રગટ ને પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષની આપણને આવશ્યકતા છે છે ને છે જ ! અને એવા ગુરુઓની ભેટ આપણને યોગીજી મહારાજે આપી. યોગીજી મહારાજે પોતે એવું જીવીને દર્શન કરાવ્યું ને આપણને પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, ભક્તિપ્રિય કોઠારી સ્વામીજી, ડૉક્ટર સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, પ્રેમસ્વરૂપ સ્વામીજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, ગુરુજી ને આ સંતોની ભેટ આપી. તમે જુઓ તો તેઓ બાપા પાસે એવું જીવ્યા! તે વખતે જે આજ્ઞા પાળવાની કહી એ આજ્ઞા પાળી અને આજ્ઞા પાળવામાં મદદરૂપ ના થયા એ કોઈના વિશે ભાવફેરમાં પડ્યા વગર નિર્દોષભાવેયુક્ત જીવન જીવ્યા.

નિર્દોષભાવ-નિર્દોષબુદ્ધિ એ બહુ મોટી સેવા છે. એટલે ગુણાતીત 'વાત'માં બોલ્યા કે, 'સેવા થાય એટલી કરો, પણ અસેવા તો કરશો જ નહીં. કોઈની નિંદા કરશો નહીં.' એમાં વળી, અકબર-બીરબલનું દૃષ્ટાંત આપી ગુણાતીતે કહ્યું કે, 'પોતાની દાઢી ઓલવી લેવી' એટલે કે, પોતાનું કલ્યાણ કરી લેવું. 'ગુણાતીત જ્ઞાનના નવનીત'માં એટલે કહ્યું કે, 'પોતાનું કરી લેવું, બીજાનું જોવું નહીં.' એનો અર્થ કે, પોતાનું કલ્યાણ કરવું. પોતાનું જેમ કલ્યાણ થતું હોય એમ વર્તવું, પોતાના ઈષ્ટદેવ, પોતાના ગુરુ જેમ રાજી થતા હોય તેમ વર્તવું એ પોતાનું કરી લીધું કહેવાય. આ જે વાતો ગુણાતીતાનંદ સ્વામીએ લખી એ યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ ઉપાસના દ્વારા અત્યારે આપણા જીવનમાં-આપણા વર્તનમાં આવી.

> કથા-વાર્તા,
> ધૂન-ભજન-પ્રાર્થના
> અને માહાત્મ્યયુક્ત સેવા;
> આ ત્રણ કર્યા કરીએ.

બાપાએ કહ્યું, 'ભગવાનને રહેવાનું ધામ ગુણાતીત છે. મને-તમને-સર્વને ગુણાતીત બનાવવા છે.' તો જે કંઈ થયું છે, થઈ રહ્યું છે ને થવાનું છે એ ગુણાતીતભાવને પમાડવા માટે છે. તો જે ગુરુને વળગ્યા છીએ, એ ગુરુની પાછળ જેટલું કરશો તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં સુખિયા સુખિયા કરી દેશે ! એવા અદ્ભુત સમાજમાં આપણને સાધના કરવાનો સંજોગ ઊભો થયો છે, તો આપણા જેટલા ભાગ્યશાળી ને નસીબદાર કોઈ નથી.

ગુણાતીતના પ્રાગટ્ય દિવસે એટલો સંકલ્પ કરીએ. જાગ્રતતા રાખીએ અને આ રીતે એમને રાજી કરવાનો ભાવ હંમેશાં રહે એટલા માટે કથા-વાર્તા, ધૂન-ભજન-પ્રાર્થના અને માહાત્મ્યયુક્ત સેવા; આ ત્રણ કર્યા કરીએ. કથા-વાર્તા-ધૂન ને મન-વચને નિર્દોષભાવ રાખવાનો, ગુણગાન ને મહિમા ગાવાં-સાંભળવાનાં. દેહે કરીને, ધને કરીને સેવા કર્યા જ કરો. એમાં કોઈ બાંધછોડ ના કરો. જે કોઈ ફ્રી હોય એ અહીં મંદિરમાં આવીને સેવા કરી શકે છે. તેમાં કોઈ ના પાડે છે ? સમૈયા-ઉત્સવ એટલે ઉજવાય છે કે, મારી-તમારી સ્કિલ ભગવાનની સેવામાં વપરાય, તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં ઈર્ષ્યા, માન આ બધા ભાવો નીકળી જશે ને સુખી સુખી થઈ જઈશું.

ગુણાતીતભાવને પામવાની આવી અદ્ભુત તક આ જન્મમાં ભગવાને આપણને આપી છે, તો ગુણાતીતભાવને પામી જ જવું છે. મહારાજે કૃપા કરીને આપની (ગુરુ ગુણાતીતની) ઓળખાણ કરાવી ને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, ગુરુદેવ યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા એ ભાવને પામવાનો માર્ગ ચોખ્ખો ને સ્પષ્ટ કરીને એવા ગુણાતીતભાવને પામેલા મહંત સ્વામી, ભક્તિપ્રિય સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ જેવા સંતોનાં સાંનિધ્યમાં રાખીને સાધના કરાવી રહ્યા છે. તો આપણે સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળી-એકમના થઈને, મરણિયા થઈને આપની પ્રસન્નતાના પાત્ર બનીએ એવી દેશ-પરદેશમાં વસતા સર્વ મુક્તો પર કૃપા વરસાવજો એ જ ગુણાતીતના પ્રાગટ્યપર્વની પ્રાર્થનાઓ !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

